ફો.પ.અ.નં. ૧૪૩/૨૦૨૬

કોડીનાર પોલીસ સ્ટેશન ગુના રજી. નંબર ૧૧૧૮૬૦૦૨૨૨૬૦૯૨૨/૨૦૨૬

## જામીન અરજી લગત હુકમ

સાંભળ્યા, આરોપી તર્ફે વિ.વ.શ્રીની રજુઆત સાંભળી તેઓએ જણાવેલ છે કે, હાલના આરોપી આ ગુના ના કામે સીધી કે આડકતરી રીતે સંડોવાયેલા નથી અને ખોટી રીતે શક ઉપરથી પકડેલ છે. તેમજ આરોપી એ કોઇ પણ પ્રકારનો ગુનો કરેલ નથી અને આરોપી તદ્દન નિર્દોષ છે. તેમજ આરોપી ઉના તાલુકાના રહેવાસી છે આથી નાશી ભાગી જાય તેવા ઇસમ નથી. આરોપીને જામીન મુક્ત કરવા રજુઆત કરેલ છે.

સદર કામે જામીન અરજી તથા એફ.આઇ.આર. તથા તેના સંલગ્ન પેપર્સ વંચાણે લીધા સદર કામે જામીન અરજી નો નિર્ણય કરવાનો છે ત્યારે હાલ ના આરોપી સામે આક્ષેપ, ગુનાનુ સ્વરૂપ તથા સંભવિત સજા ની જોગવાઇ તેમજ કેસ ચાલતા સમય દરમિયાન આરોપી અદાલત માં નિયમિત હાજર રહેશે કે કેમ? તેમજ ગ્રેવિટી ઓફ ઓફેન્સ, આ તમામ મુદ્દાઓને લક્ષમાં રાખી નિર્ણય કરવાનો છે. આ કામે કાયદાની જોગવાઇ તથા પકડાયેલ મુદ્દામાલની ગ્રેવિટીને ધ્યાને લેતા તથા એફ.આઇ.આર. વંચાણે લેતા આરોપી સામે નો આક્ષેપ છે તે પુરાવાનો વિષય કહી શકાય તેમજ ગ્રેવિટી ઓફ ઓફેન્સ ને લક્ષ માં રાખી તેમજ હાલ ના આરોપી કેસ ચાલતા દરમિયાન અદાલત માં નિયમિત હાજર રહેશે તેવી ખાતરી આપતા હોય. આ તમામ હકીકતો ને લક્ષ માં રાખી તેમજ હાલ ના ગુનાનુ સ્વરૂપ તેમજ સંભવિત સજાની જોગવાઇ ને લક્ષ માં રાખી તેમજ મુદ્દામાલના જથ્થાને ધ્યાને લેતા અને જામીન

અરજી ના નિર્ણય વખતે ધ્યાન માં રાખવાના માર્ગદર્શક સિંધ્ધાતો નજર સમક્ષ રાખી હાલ ની જામીન અરજી લગત નીચે મુજબ નો હુકમ કરવા માં આવે છે.

**<u>હુકમ</u>**

આરોપી/અરજદાર : ભાવેશભાઈ મનુભાઈ મેવાડા, રહે. દેલવાડા ગામ, તા.ઉના નાઓની જામીન અરજી મંજુર કરવામાં આવે છે.

આથી આરોપીને રૂ. ૧૦,૦૦૦/- અંકે રૂપીયા દશ હજાર પુરા ના જામીન તથા તેટલી જ રકમ ના જાત મુચરકા રજુ કર્યે થી જામીન મુકત કરવા હુકમ કરવા માં આવે છે.

આ હુકમ આજ તા.૧૧/૦૮/૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલત માં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

કોડીનાર (એસ. એસ. પઠાણ)

તા. ૧૧/૦૮/૨૦૨૬ એડી. ચીફ.જયુડી.મેજી.,કોડીનાર

જીજે૦૧૨૭૩